# IN THE COURT OF JUDGE, LABOUR COURT AT BHAVNAGAR,
## Presided Over by D.B.Tiwari

રીકવરી ૩૩ સી(૨) અરજી નં.૩૩/૨૦૧૫
આંક –૧૬

**અરજદાર :** **સુખદેવસિંહ લહેરસિંહ જાડેજા**
C/O - પ્રદીપ કે.ઠકકર,
શ્રમીક સંઘ, ૧૧૮-૧૧૯, કાવેરી કોમ્પલેક્ષ,
નવાપરા, ભાવનગર-૩૬૪૦૦૧.

**વિરૂધ્ધ**

**સામાવાળા :** **(૧) ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન,**
તે તેમજ તેમના વતી મુખ્ય અધિકારી શ્રી,
ડેપો મેનેજરશ્રી, ભાવનગર.
**(૨) ડેપો મેનેજર, એસ.ટી.ડેપો,**
ગઢડા સ્વામીના, ગઢડા,
જિ.ભાવનગર.

**બાબત : ઔદ્યોગિક વિવાદ ધારાની ૧૯૪૭ ની કલમ ૩૩ સી(૨) હેઠળની અરજી**

અરજદાર તરફે : વિ.પ્રતિનીધી શ્રી પી.કે.ઠકકર
સામાવાળા તરફે : વિ.વ.શ્રી એન.કે.જોષી/એન.એચ.જાડેજા

**– :: હુ ક મ :: –**

(૧) હાલની અરજીમાં એવું જણાવેલ છે કે,નામ.લેબર કોર્ટના રેફ.એલ.સી.બી.નં.૨૧૯/૨૦૦૪ ના આપેલ એવોર્ડમાં નામ.લેબર કોર્ટ ભાવનગર દ્વારા પડેલ રોજની રકમ ભરપાઈ કરવા બાબતે ૨૫% પડેલ રોજની રકમ ચુકવવા આદેશ કરેલો હતો, તેની ઉપર નામ.ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સીવીલ એપ્લીકેશન નં.૯૫૭૪/૨૦૦૪ માં અરજદારના લાભમાં નામ.જજસાહેબ, હાઈકોર્ટ દ્વારા પડેલ રોજની રકમ ૭૫% રકમ ચુકવવા આદેશ કરેલ હતો. આ નામ.ગુજરાત

હાઇકોર્ટના એસ.સી.એ. નં. ૭૩૫૩/૨૦૦૪ માં મીસે.સીવીલ એપ્લીકેશન નં.૨૯૧૭/૨૦૧૦ માં નામ. હાઇકોર્ટ દ્વારા ૭૫% રકમ પડેલ રોજની ચુકવવા સામે કોઇ અપીલ થયેલ નથી, તથા એલ.પી.એ.પણ થયેલ નથી, તથા આ નામ.ગુજરાત હાઇકોર્ટના આદેશ મુજબ તા.૧૬/૬/૧૯૯૩ થી તા.૩૧/૭/૨૦૦૦ ના નીવૃત અરજદાર થયા તારીખ સુધીના સળંગ નોકરીમાં ૭૫% મુજબના પગારની રકમ ચુકવવા સામાવાળા જવાબદાર છે. આ બાબતે વારંવાર મદદનીશ મજુર કમીશ્નર સાહેબ, તથા શ્રમ અધિકારી સાહેબ, સમક્ષ એવોર્ડ ભંગની ફરીયાદ કરવા છતાં કોઇપણ રકમ વસુલ આપતા નથી. અરજદાર તા.૦૧/૦૧/૧૯૮૧ થી સતત અને સળંગ નોકરી કરેલ છે. તથા અરજદારને મળવાપાત્ર પગાર વત્તા ભથ્થાઓ ચુકવતા નથી. અરજદાર કન્ટેમ્પ ઓફ કોર્ટની પીટીશન નં.મીસી.સીવીલ એપ્લીકેશન નં. ૨૮૧૭/૨૦૧૦ થી પીટીશન કરતાં તેમાં તા.૨૨/૧૨/૨૦૧૦ નારોજ માત્ર રૂા.૯૦,૨૨૫/- અંકે નેવુ હજાર બસ્સો પચ્ચીસની રકમ જ ચુકવી છે. બાકીની રકમ બાબતે રીકવરી કરવા નામ.હાઇકોર્ટ જજસાહેબે હુકમ કરેલ છે. આમ, અરજદારની સામાવાળા પાસે નીચે મુજબની બાકી પગાર તથા અન્ય લાભોની રકમ વસુલ અપાવવા હાલ આ ઔદ્યોગીક વિવાદ ધારા-૧૯૪૭ ની કલમ-૩૩-સી(૨) અન્વયે અરજી આપેલી છે.

<u>**અરજદારના બાકી પગારની રકમનુ શેડયુલ**</u>

રૂા.૩,૮૮,૮૦૦/- તા.૧૯/૬/૯૩ નોકરીમાંથી હાંકી કાઢયા તારીખથી નીવૃત થયા તા.૩૧/૭/૨૦૦૦ સુધીના ૭૨ માસના માસીક પગાર રૂા.૭૨૦૦/- લેખે પગારના ૭૫% મુજબના પગારની રકમ

રૂા.૦,૯૦,૨૨૫/- કન્ટેમ્પ પીટીશન નં.૨૮૧૭/૨૦૧૦ ના .............તા.૨૨/૧૨/૧૦ નારોજ નામ.હાઇકોર્ટમાં ચુકવેલ રકમ

રૂ.૨,૯૮,૫૭૫/– બાકી રકમ
રૂ.૩,૫૮,૨૦૦/– વ્યાજતા.૬/૧/૨૦૦૪ થી
તા.૩૦/૩/૨૦૧૫ સુધીનું
રૂ.૦,૫૧,૪૦૦/– હકક રજાના ૧૯૯૩ થી ૨૦૦૦ સુધીના ૭ વર્ષના નોકરીના સાત પગારની હકક રજાના
...................... બાકી રકમના
રૂ.૭,૦૮,૧૭૫/– ટોટલ બાકી રકમ

(૨) અરજદાર સળંગ નોકરીના તમામ લાભો સાથે પડેલ રોજના ૭૫% રકમ ચુકવવા આદેશ હોય, આ કામના સામાવાળાઓ નામ.સમક્ષ તા.૧૯/૬/૯૩ થી સળંગ નોકરીના લાભો તા.૧/૧/૮૧ થી નોકરી સતત તથા સળંગ કરતા હોય પગાર ગ્રેડ તથા ભથ્થાની ચોકીદારના પગારના રકમની ગણતરી કરી આ કામના સામાવાળાઓ નામ.કોર્ટ સમક્ષ રજુ કરે, વીકલ્પે આ કામના સામાવાળાઓની વીરુધ્ધ અનુમાન કરવા હુકમ કરશોજી. આ કામના સામાવાળાઓ બાકી નામ.હાઈકોર્ટના હુકમ મુજબના પડેલ રોજની રકમ રૂપીયા ૭૫% પગારની થતી તા.૧૯/૬/૯૩ થી તા.૩૧/૭/૨૦૦૦ સુધીના પગારની ગણતરી મુજબ થતી પરીશીષ્ટમાં જણાવેલી રકમ ગેરકાયદેસર રીતે રોકી રાખેલ હોય, વ્યાજ સહીતની થતી રકમ રૂ.૭,૦૭,૧૭૫/– એવોર્ડ તારીખથી ગેરકાયદેસર રીતે રકમ રોકી રાખેલ હોય, તેના ૧૨% વ્યાજ સહીતની રકમ ઔધોગીક વિવાદ ધારાની કલમ–૩૩–સી(૨) મુજબ નકકી કરી આપવાની વિનંતી કરવામાં આવેલ છે. આ કામના સામાવાળાઓ તા.૧/૧/૮૧ કાયમી ચોકીદાર તરીકે નોકરી કરતાં હોય, બે વખત નોકરીમાંથી ટર્મીનેશન કરતાં બન્ને વખત નામ.લેબર કોર્ટ, ભાવનગર સળંગ નોકરીના તમામ લાભો સહીતના ભથ્થા નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી ૭૫% બેક વેઝીસની રકમ ચુકવવા હુકમ થયેલ હોય, સળંગ નોકરીના લાભો બાબતે આ કામના સામાવાળાઓ પગાર ગ્રેડ ચોકીદારનો ગણતરી કરી તા.૧૯/૬/૯૩ થી તા.૩૧/૭/૨૦૦૦

નીવૃતી તારીખ સુધીના ૭૫% પગારની ગણતરી કરી તેનુ કોષ્ટક કાયમી ચોકીદારને મળવાપાત્ર ગ્રેડની રકમ નકકી કરી, તથા તા.૬/૧/૨૦૦૪ થી એવોર્ડ તારીખથી આજદીન સુધના થતાં ૧૨%ના વ્યાજ સહીતની રકમ વસુલ અપાવવા હુકમ કરવાની વિનંતી કરેલ છે. અને વધુમાં સામાવાળાઓ જો આ કાયમી ચોકીદારના ગ્રેડ મુજબની ગણતરી રજુ ન કરે તો અરજદારે નકકી ગણતરી કરી આપેલ હોય, તે રકમ વસુલ અપાવવા હુકમ અરજી તારીખથી વસુલ આવતાં સુધીના ૧૨% વ્યાજ સહીતની રકમ વસુલ અપાવવા હુકમ કરશોજી.

(૩) સદર કામે સામાવાળાઓને હાલની અરજીની નોટીસ કાઢતા નોટીસ બજી આવતા સામાવાળાએ જવાબ રજુ કરેલ નથી. આથી આંક–૮ થી અરજદાર તરફે સામાવાળાનો જવાબનો હકક બંધ કરવા માટે ની અરજી રજુ રાખવામાં આવેલ. જે નામ.કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવેલી. ત્યારબાદ સામાવાળાએ આંક–૧૦ થી તેમના જવાબનો હકક ખોલવાની અરજી રજુ રાખવામાં આવેલી. જે મંજુર થતાં આંક–૧૧ થી સામાવાળા દ્વારા તા.૩૦/૦૧/૨૦૧૮ નારોજ જવાબ રજુ રાખવામાં આવેલો. જેમાં સામાવાળા જણાવે છે કે, અરજદારે કરેલ સદર અરજી અન્વયે તેમનો કોઇ હકક પ્રસ્થાપીત થયેલ ન હોઇને માંગણી કરેલ રકમ પણ મેળવવાને હકકદાર થતાં ન હોયને ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૩૩–સી(૨) નીચે અરજી ચાલવા પાત્ર નથી, તેમજ અરજી સમય મર્યાદા બહારની, મીસ જોઇન્ડર/નોન જોઇન્ડર ઓફ પાર્ટીઝના બાદવાળી અને આપવી જોઇતી નોટીસ આપ્યા વગર કેસ કરેલ હોય પ્રાથમીક રીતે જ અરજી રદ્ધ થવા પાત્ર છે.

(૩.૧) સામાવાળા સરકારશ્રીના માર્ગ અને મકાન વ્યવહાર નિગમના ભાવનગર વિભાગના વહીવટી વડા છીએ, સામાવાળાનુ એકમ એક સરકારશ્રીના ખોટ કરતાં નીગમો માટેનુ એક નીગમ છે, અને જયાં નીગમલક્ષી નકકી થતાં નીતી–નિયમોનુ પાલન સરકારશ્રીની મંજુરી અને આદેશ અન્વયે થાય છે, જે મુજબની આ અરજદારની અરજી ખરી

અને કાયદેસરની નથી, અરજદારે માંગણી કરેલ રકમ અંગે કોઈ હકક પ્રસ્થાપીત થયેલ ન હોય, તેમજ અરજદાર હકીકતો છુપાવીને એટલે કે, ચોખ્ખા હાથે કોર્ટ સમક્ષ આવેલ ન હોય, અરજી રદ્દ થવા પાત્ર છે. અરજદારની અરજીમાં કરેલા કથનો સાથે સામાવાળા સંમત થતા નથી, અને તેનો અસ્વીકાર કરે છે.

**(૩.૨)** અરજદારની અરજી આફ્ટરથોટ, અસ્પષ્ટ અને અધુરી છે, તેમજ માંગણી કરેલ રકમ રૂા.૭,૦૭,૧૭૫/– ની કોઈ આધાર–પુરાવા અને ગણતરી વગરની હોય સામાવાળા સંમત થતા નથી. અરજદારની અરજીના પરિશિષ્ટના પેરા–૧ અને ૨ ના કથનો સાથે સામાવાળા સંમત થાય છે, પરંતુ અરજદારે અત્રે તેમને ચુકવાયેલ રકમનો કોઈ આધાર–પુરાવો રજુ કરેલ નથી, કે તેમને ચુકવાયેલ રકમ શા કારણે અપુરતી છે તેની કોઈ તાર્કિક રજુઆત કરેલ નથી.

**(૩.3)** અરજદારની અરજીમાં જણાવેલ મળવાપાત્ર બેકવેજીસની રકમ નામ.હાઈકોર્ટ સમક્ષની ચાલતી કાર્યવાહી દરમ્યાન જ ચુકવવામાં આવેલ હતી, જયારે નીવૃતીના લાભો પણ વહીવટી પ્રક્રીયા પુર્ણ કર્યા બાદમાં ચુકવી આપવામાં આવેલ છે. અરજદારની અરજીમાં જણાવેલ ઓફ ડે રીલીવર વોચમેન તરીકે કાયમી વોચમેનની અવેજીમાં છુટક–છુટક ફરજ બજાવતાં હતા અને નામ.લેબર કોર્ટના હુકમ મુજબ પણ તેઓ ઓફ ડે રીલીવર વોચમેન તરીકે જ પુન:સ્થાપીત થવાને હકકદાર થયેલ એટલે કે રોજમદારી ધોરણે જ નોકરીના લાભો મેળવવાને હકકદાર થયેલ અને જે એવોર્ડ પ્રસિધ્ધી પહેલા જ તેમની નિવૃતી વય વટાવી ચુકેલ હોય તેમને એક રોજમદાર કામદારને મળવાપાત્ર લાભો મુજબ પી.એફ.અને ગ્રેજયુઈટીની રકમ પણ ચુકવી આપવામાં આવેલ છે.

**(૩.૪)** અરજદારની અરજીના કથનો અરજદારે જે અર્થમાં રજુઆત કરેલ છે, તે અર્થમાં ખરાં નથી, સામાવાળાનો અસ્વીકાર છે. અરજદાર કોઈ કાયમી કામદાર ન હતા કે તેઓએ જણાવેલ પગાર રૂા.૭૨૦૦/–

મેળવેલ ન હોય અરજદારે પગાર તફાવતની કરેલ માંગણી તથા તેના પરના વ્યાજ તેમજ ફરજ બજાવેલ ન જ હોય કોઈ હકક રજા અનર્ડ કરેલ ન હોય હકક રજાની માંગણી ખરી નથી. અરજદારને તેમણે માંગણી કરેલ રકમ પુરાવાથી પુરવાર કરવાની ફરજ પાડશોજી.અરજદારે સતત સળંગ નોકરી કરેલ ન હોય આપોઆપ હકક પ્રસ્થાપીત થતો નથી, સામાવાળા અસ્વીકાર કરે છે. આમ, સામાવાળા અરજદારને તેમની ઓફ ડે રીલીવરની રોજમદારી ધોરણના મળવાપાત્ર લાભો ચુકવવામાં આવેલ હોય અરજદારે કે કોઈ જ પ્રકારના આધારભુત ગણતરી વગર રૂા.૭૨૦૦/– માસીક પગાર લેખે પગાર તફાવત, વ્યાજ તેમજ નહીં કરેલ કામના સમયની હકક રજાના પગારની રકમ મેળવવાને હકક પ્રસ્થાપીત થયા વગર રૂા.૭,૦૮,૧૭૫/– મેળવવાને કરેલ માંગણી કરી છે તે ખરી અને કાયદેસરની નથી.

(૪) વધુમાં અરજદાર તરફે આંક–૨ થી દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ છે.જે નીચે મુજબ છે.

**અરજદાર તરફે દસ્તાવેજી પુરાવાઓઃ-**

| ક્રમ | વિગત | આંક/ નિશાની |
|---|---|---|
| ૧ | એવોર્ડ ભંગની ફરીયાદ કરતાં નામ.મજુર અદાલતનો તા.૩૧/૧૨/૧૪ નો પત્ર | ૨/૧ |
| ૨ | અરજદારને એવોર્ડ ભંગની ફરીયાદ તા.૧૦/૭/૧૪ | ૨/૨ |
| ૩ | અરજદારની તા.૧૭/૪/૧૪ ની એવોર્ડ ભંગની ફરીયાદ | ૨/૩ |
| ૪ | નામ.લેબર કોર્ટ ભાવનગરનો તા.૫/૬/૧૪ ના એવોર્ડ ભંગ બાબતે મજુર અદાલતે લખેલ પત્ર | ૨/૪ |
| ૫ | માહીતી માંગતી અરજી ૨૩/૧૨/૧૩ | ૨/૫ |
| ૬ | કોઈ માહીતી આપતા નથી તે પત્ર તા.૮/૧/૧૪ એસ.ટી.નો | ૨/૬ |
| ૭ | માહીતી માંગણી કરતી અરજીનો પત્રનો જવાબ | ૨/૭ |

| | | |
|---|---|---|
| | તા.૧૭/૧/૧૪ | |
| ૮ | નામ.લેબર કોર્ટનો રેફ(એલ.સી.બી.)૨૧૯/૯૪ નો એવોર્ડ તા.૬/૧/૨૦૦૪ ખરી નકલ | ૨/૮ |
| ૯ | એવોર્ડ માંગતી ફરીયાદનો શ્રમ અધિકારીનો પત્ર તા.૨૫/૧૧/૧૪ | ૨/૯ |
| ૧૦ | એસ.ટી.નો પત્ર ૩૦/૧૨/૧૦ | ૨/૧૦ |
| ૧૧ | પી.એફ.કપાત પત્ર હુકમ ૮૧/૯૦ એસ.ટી.વિભાગીય નીયામકનો હુકમ | ૨/૧૧ |
| ૧૨ | સ્પે.સી.એ. ૨૮૧૭/૨૦૧૦ નો નામ.હાઇકોર્ટનો તા.૨૨/૧૨/૧૦ નો ચુકાદો | ૨/૧૨ |
| ૧૩ | સ્પે.સી.એ. ૯૫૭૪/૨૦૦૪ નો તા.૧૦/૫/૨૦૧૦ નો ચુકાદો એસ.ટી.ને ૧૦૦% પગાર ચુકવતા આદેશ તા.૧૦/૫/૨૦૧૦ | ૨/૧૩ |
| ૧૪ | સ્પે.સી.એ.નં.૨૮૧૭/૧૦ નો ચુકાદો તા.૨૨/૧૨/ ૧૦ | ૨/૧૪ |
| ૧૫ | એસ.ટી.ને આપેલ નોટીસ | ૨/૧૫ |
| ૧૬ | આઇડેન્ટી કાર્ડ | ૨/૧૬ |
| ૧૭ | જસ્ટીસ એચ.કે.રાઠોડ સાહેબનો ૭૫% પડેલ રોજની રકમ ચુકવવાનો નામ.હાઇકોર્ટનો હુકમ | ૨/૧૭ |

(૫) ત્યારબાદ સામાવાળા દ્વારા આંક–૧૩ થી અરજદારના પુરાવાનો હકક બંધ કરવાની અરજી આપવામાં આવેલી. જે લગત તા.૯/૩/૨૦૨૩ નારોજ હુકમ કરી અરજદારના પુરાવાનો હકક બંધ કરવામાં આવેલો. અને સામાવાળા દ્વારા આંક–૧૪ થી પુરસીસથી સામાવાળાનો પુરાવો બંધ થયાનુ જાહેર કરવામાં આવેલ છે.

(૬) ત્યારબાદ આ કામે અરજદાર તરફે મૌખીક દલીલો કરવા અરજદાર તરફે ઘણી તકો આપવા છતાં તેઓ હાજર રહેતા ના હોય, તેમની દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે ત્યારબાદ સામાપક્ષે મૌખીક દલીલમાં જણાવેલ છે કે, અરજદારને મળવાપાત્ર તમામ રકમ તેઓને ચુકવી આપવામાં આવેલ છે. સામાવાળા સંસ્થા પાસે તેઓની કોઇ લ્હેણી

રકમ રહેતી નથી. જેથી હાલની અરજી નામંજુર કરવા અરજ કરેલી છે. જે માનસહ સાંભળવામાં આવેલી છે.

(૭) આ કામે બન્ને પક્ષોની રજુઆતો તથા પડેલ પુરાવાને ધ્યાને રાખી નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થીત થાય છે.

**-: : મુદ્ધાઓ : :-**

૧. શું આ કામના અરજદાર તેમની અરજીના દાદ પેરામાં માંગેલ દાદ મુજબની રકમ ઔધ્ધોગીક વિવાદ ધારાની કલમ-૩૩ સી (૨) મુજબ સામાવાળા પાસેથી મેળવવા હકકદાર છે?

૨. શું હુકમ ?

(૮) ઉપરોક્ત મુદ્ધાઓના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

**-: નિર્ણયો :-**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**-- કારણો --**

**મુદ્ધા નં. ૧ ની ચર્ચા**

(૯) આ મુદ્ધાના અનુસંધાને પડેલ પુરાવાની ચર્ચા કરતાં પહેલા સૌપ્રથમ સંદર્ભીત કાયદાની કલમની જોગવાઇઓ જોવી જરુરી જણાય આવે છે. અરજદારે હાલની અરજી ઔધ્ધોગીક વિવાદ અધિનિયમ હેઠળ દાખલ કરેલ હોય ત્યારે આ કામે ઔધ્ધોગિક વિવાદ ધારાની **કલમ-૩૩-સી (૨)** માટે **કલમ- ૩૩-સી** ની જોગવાઇ મહત્વપુર્ણ બને છે. જે વંચાણે લેતા તેમાં નીચે મુજબની જોગવાઇ કરવામાં આવેલ છે.

**Section 33.C- Recovery of money due from and employer :**

**(1)** Where any money is due to aworkman from an employer under a settlement or an award or under the provisions of Chapter V-A Chapter V-B, the workman himself or any other person authorised by him in writing in this behalf, or, in the case of the death of the

workman, his assignee or heir may,without prejudice to any other mode of recovery, make an application to the appropriate Government for the recovery of the money due to him, and if the appropriate Government is satisfied that any money is so due, it shall issue a certificate for that amount to the Collector who shall proceed to recover the same in the same manner as an arrear of land revenue:

Provided the every such application shall be made within one year from the date on which the money became due to the workman from the employer:

Provided further that any such application may be entertained after the expiry of the said period of one year, if the appropriate Government is satisfied that the applicant has sufficient cause for not making the application within the said period.

(2) **Where any workman is entitled to receive for the employer any money of any benefit which is capable of being computer in terms of money and if any question arises as to the amount of money due or as to the amount at which such benefit should be computed, then the question may, subject to any rules that may be made under this Act, be decided by such Labour Court as may be specified in this behalf by the appropriate Government withina period not exceeding three months.:**

**Provided that where the presiding officer of a Labour Court considers it necessary or expedient so to do, he may, for reasons to be recorded in writing, extend such period by such further period as he may think fit.**

(3) *For the purposes of computing the money value of a benefit, the Labour court may, if it so thinks fit, appoint a commissioner who shall, after taking such evidence as may be necessary, submit a report to the labour court and the Labour court shall determine the amount after considering the report of the commissioner and other circumstances of the case.*

(4) The decision of the Labour court shall be forwarded by it to the appropriate Government and any amount found due by the labour court may be recovered in the manner provided for in subsection (1).

(5) Where workmen employed under the same employer are entitled to receive from him any money of any benefit capable of being computed in terms of money, then, subject to such rules as may be made in this behalf, a single application for the recovery of the

amount due may be made on behalf of or in respect of any number of such workmen.

**Explanation-** In this section “Labour court” includes any court constituted under any law relating to investigation and settlement of industrial disputes in force in any state.

(૧૦) સદર કામે અરજદારે હાલની રીકરવરી અરજીમાં કુલ રકમ રૂા.૭,૦૮,૧૭૫/– વાર્ષિક ૧૨ ટકા વ્યાજ સાથે વસુલ મેળવવા માટે હાલની અરજી દાખલ કરેલ છે. જેના સમર્થનમાં અરજદાર તરફે કોઇ લેખિત કે મૌખીક પુરાવો લેવામાં આવેલ નથી. અરજદાર માત્ર અરજી સાથે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. જે વંચાણે લેવો જરુરી બને છે. અરજદારની રજુઆત મુજબ તેઓને નોકરીમાંથી કાઢી મુકયા તા.૧૯/૦૬/૧૯૯૩ થી નીવૃત થયા તા.૩૧/૦૭/૨૦૦૦ સુધી નામ.હાઇકોર્ટમાં દાખલ થયેલ સ્પે.સીવીલ એસ.સી.એ.નં. ૯૫૭૪/૨૦૦૪ માં થયેલ હુકમ મુજબ ૭૫% બેકવેજીસ મેળવવા હકકદાર થયેલ હોય, માસીક પગાર રૂા.૭૨૦૦/– મુજબ ૩,૮૮,૮૦૦/– મેળવવા હકકદાર છે, તેના ઉપર વ્યાજની રકમ તથા તે ૭ વર્ષના હકક રજાની રકમ મેળવવા હકકદાર છે. પરંતુ આ કામે તેમના રજુ કરેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લઇએ તો સને ૧૯૯૩ થી સને ૨૦૦૦ સુધી તેમનો માસીક પગાર રૂા.૭૨૦૦/– હતો તે દર્શાવતો એકપણ પુરાવો આ કામે રજુ થયેલ નથી. તે ઉપરાંત અરજદાર દ્બારા નામ.હાઇકોર્ટમાં દાખલ કરેલ મીસીલીયન્સ સીવીલ એપ્લીકેશન–ફોર કન્ટેમ્પકટ નં.૨૮૧૭/૨૦૧૦ નો હુકમ વંચાણે લઇએ તો તે હુકમના અરજદારે નામ.હાઇકોર્ટ સમક્ષ ૭૫% બેકવેજીસમાં સામાવાળા પાસેથી રૂા.૧,૩૧,૯૩૧/– મેળવવા હકકદાર છે તેવુ કથન આપેલ હોવાનુ નામ.હાઇકોર્ટના તા.૨૨/૧૦/૨૦૧૦ના હુકમમાં જણાય આવે છે. તે વિપરીત અરજદારે હાલની અરજીમાં રૂા.૩,૮૮,૮૦૦/– મેળવવા હકકદાર

હોવાનુ જણાવેલ છે, જે બન્ને હકીકતો વિરોધાભાસી જણાય આવે છે. સામાવાળી સંસ્થાએ અરજદારને ઉપરોકત કન્ટેમ્પકટ અરજીમાં નામ.હાઇકોર્ટ સમક્ષ રૂા.૯૦,૨૨૫/– ચુકવેલ. જે હકીકત હાલની અરજી પરથી પણ ફલીત થાય છે. સામાવાળા મુજબ અરજદાર રૂા.૯૦,૨૨૫/– મેળવવા હકકદાર હતા જે રકમ તેઓએ અરજદારને ચુકવી દીધેલ હોય, બીજી કોઇ રકમ અરજદારને મળવાપાત્ર નથી. આ હકીકતની વિરુધ્ધ અરજદાર દ્વારા કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે કોઇ મૌખીક કે લેખીત આધાર–પુરાવો આ કામે સામેલ રાખવામાં આવેલ નથી. મુદ્દલ રકમ મળવાપાત્ર થતી હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ પર રજુ રાખવામાં આવેલ નથી, આથી અરજદાર દ્વારા તા.૦૬/૦૧/૨૦૦૪ થી તા.૩૦/૦૩/૨૦૧૫ સુધીના મુદ્દલ રકમ પરના વ્યાજની રકમ રૂા.૩,૫૮,૨૦૦/–ની માંગણી કરવામાં આવેલ છે, જે મળવાપાત્ર રહેતી નથી જે રજુ રેકર્ડના પુરાવા પરથી સિધ્ધ થાય છે. વધુમાં અરજદાર દ્વારા હાલની અરજીમાં સને ૧૯૯૩ થી ૨૦૦૦ સુધીના ૭ વર્ષના નોકરીના સાત પગારની હકક રજાના બાકી રકમના રૂા.૫૧,૪૦૦/– ની માંગણી કરવામાં આવેલ છે. જેમાં અરજદાર તરફે તેમની સર્વીસ બુક કે અન્ય કોઇ દસ્તાવેજો રજુ રાખેલ નથી. આથી તેમની હકક રજા બાબતેનો એક પણ દસ્તાવેજી પુરાવો રેકર્ડ પર સાબીત કરી શકેલ નથી. આથી અરજદારની હકક રજાની બાકી રકમ મેળવવા બાબતે હકકદાર બનતા નથી તેવુ ફલીત થાય છે.

આ સંજોગોમાં અરજદારની હાલની અરજી કાયદેસર રીતે ટકવાપાત્ર ન હોય, જેથી અરજદાર અરજીમાં માંગ્યા મુજબની રકમ મેળવવા હક્કદાર નથી તેવા તારણ પર કોર્ટ આવે છે અને જેથી હાલની અરજી પણ મંજૂર થવાપાત્ર નથી. જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

ન્યાયાધીશ(એસ.ડી.),
શ્રમ અદાલત નં.૧, ભાવનગર.

**(૧૧) <u>મુદ્દા નં. – ૨</u>**

આમ, ઉપરોક્ત મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ, અરજદાર તરફેની દલીલો તેમજ ઉપરોક્ત હકીકતો ધ્યાને લેવામાં આવે તો અરજદારની ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૩૩ સી (૨) મુજબ લેણી નિકળતી રકમ રૂા.૭,૦૮,૧૭૫/– કાયદેસરના લેણા હોવાનું પુરવાર કરી શકેલ ન હોય મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે. અને ન્યાયના હિતમાં મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

(૧) અરજદાર સુખદેવસિંહ લહેરસિંહ જાડેજાની રીકવરી અરજી **નામંજૂર** કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સદર હુકમ આજરોજ તા.૨૦/૦૭/૨૦૨૬ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર
તારીખ : ૨૦/૦૭/૨૦૨૬

(ડી.બી.તિવારી)
પ્રિસાઇડીંગ ઓફિસર
અને ન્યાયાધીશ(એસ.ડી.)
શ્રમ અદાલત નં.–૧,ભાવનગર
જીજે – ૦૧૧૦૯

એ.એમ.કટુડીયા
(ગુજરાતી સ્ટેનોગ્રાફર)

ન્યાયાધીશ(એસ.ડી.),
શ્રમ અદાલત નં.૧, ભાવનગર.